# ભારતીય વહીવટી સેવા

ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.)ના અધિકારીઓ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, જાહેર-ક્ષેત્રની કંપનીઓ અને અન્ય વૈધાનિક નિયમનકારી સંસ્થાઓ જેમ કે સેન્ટ્રલ બેંક (આર.બી.આઈ.), સેબી તેમજ ચૂંટણી પંચમાં મુખ્ય હોદ્દા ધરાવે છે. તેઓ મુખ્યત્વે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારોમાં સામાન્ય વહીવટ, કાયદો અને વ્યવસ્થાના નિયમન અને દેખરેખ માટે જવાબદાર છે. આ કામગીરીનો વ્યાપ વિકાસલક્ષી યોજનાઓ તેમજ જાહેર ભંડોળના ખર્ચના અમલીકરણ તેમજ દેખરેખ વગેરે જેવી અનેકવિધ વૈવિધ્યપૂર્ણ કામગીરીને આવરી લે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે મહત્વાકાંક્ષી વ્યક્તિ છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશ

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પશુપાલન અને વેટરનરી સાયન્સ / બોટની / રસાયણશાસ્ત્ર / ભૂસ્તરશાસ્ત્ર / ગણિત / આંકડાશાસ્ત્ર / ભૌતિકશાસ્ત્ર / પ્રાણીશાસ્ત્ર / કૃષિ / વનશાસ્ત્ર / એન્જિનિયરીંગમાં સ્નાતકનો અભ્યાસ કરો અથવા

કોઈ પણ વિષય સાથે સ્નાતક પૂર્ણ કરી સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા લેવામાં આવતી ભારતીય વન સેવાની પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

એક જાહેસ સેવકનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત:https://doe.gov.in/sites/default/files/7cpc_report_eng.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રાજ્યના વન વિભાગમાં

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે ઓફિસમાં તેમજ બહાર ફિલ્ડમાં એમ બંને જગ્યાએ કામ કરવાની જરૂર પડશે. તમારે અધિકારીઓની ટીમને સંભાળવાની રહે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

## અપેક્ષિત પ્રગતિ પથ

**કેન્દ્રીય સ્તર પર**

સહાયક સચિવ → અન્ડર-સેક્રેટરી → ડેપ્યુટી સેક્રેટરી → ડાયરેક્ટર → જોઈન્ટ સેક્રેટરી → એડિશનલ સેક્રેટરી → સેક્રેટરી → કેબિનેટ સેક્રેટરી ઓફ ઈન્ડિયા

**રાજ્ય કક્ષાએ**

અંડર સેક્રેટરી → ડેપ્યુટી સેક્રેટરી → જોઈન્ટ સેક્રેટરી → સ્પેશિયલ સેક્રેટરી-કમ-ડિરેક્ટર → સેક્રેટરી-કમ-કમિશનર → પ્રિન્સિપાલ સચિવ → અધિક મુખ્ય સચિવ → મુખ્ય સચિવ

**જિલ્લા કક્ષાએ**

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ → અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ → જિલ્લા મેજિસ્ટ્રેટ → વિભાગીય કમિશનર → વિભાગીય કમિશનર

## સાફલ્ય ગાથા

ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) અધિકારી, **દિવ્યા મિત્તલ** હાલમાં મિર્ઝાપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ છે. તેઓ ઉત્તર પ્રદેશ કેડરના ૨૦૧૩ બેચના છે. તેણીએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગલુરૂમાંથી એમ.બી.એ. કર્યું છે.*

સ્ત્રોત: https://mirzapur.nic.in/profile-2/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડિયન સિવિલ સર્વિસ એક્ઝામ, યુ.પી.એસ.સી., ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ